# જાહેરાત

ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર દ્વારા સંચાલિત શાળાઓમાં આચાર્ય, વિદ્યાસહાયક અને શિક્ષણ સહાયકની જુદી- જુદી જગ્યાઓ માટે પસંદગી કરવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૦૧/૦૬/૨૦૧૭ થી ૧૫/૦૬/૨૦૧૭ સુધી www.eklavya-education.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ભરવાપાત્ર જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનુ નામ | સંવર્ગ/વિભાગ | કુલ જગ્યાઓ |
|---|---|---|
| આચાર્ય | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | ૧૫ |
| આચાર્ય | માધ્યમિક વિભાગ | ૬૧ |
| શિક્ષણ સહાયક | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | ૮૯ |
| શિક્ષણ સહાયક | માધ્યમિક વિભાગ | ૨૧૯ |
| વિદ્યા સહાયક | ઉચ્ચતર પ્રાથમિક વિભાગ | ૯૧ |
| **કુલ જગ્યાઓ** | | **૪૭૫** |

ઉપરોકત સંવર્ગવાર જગ્યાઓને દરેકને અલગ જાહેરાત ગણીને અરજી કરવાની રહેશે.ઉપરોકત જગ્યાઓ પૈકી સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ અન્વયે મહિલા અનામત જગ્યાઓની ભરતી કરવામાં આવશે. ઉપરોકત જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. તદ્દપરાંત માજી સૈનિકની જગ્યાઓ ન ભરાય તો આ જગ્યાઓ ઉપરોકત જે તે કેટેગરી વાઇઝ ભરવામાં આવશે. ઉપરોકત જગ્યાઓ પૈકી પર્સનસ વીથ ડીસએબીલીટી એકટના સેકશન ૩૪ મુજબ શારિરીક રીતે અશકતતા ધરવતા ઉમેદવારથી ભરવાની રહેશે. આ પ્રકારની કેટેગરીના વિકલાંગ ઉમેદવાર ના મળે તો અન્ય કેટેગરીના વિકલાંગ ઉમેદવારથી જગ્યા ભરી શકાશે.ઉપરોકત નિયમ અનુસાર ભરવાપાત્ર અનામત જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઇઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઇટ ઉપર રજુ કરેલ છે. ઉમેદવારોએ નિયત ફી પોસ્ટ ઓફીસની કોઇપણ શાખામાં વેબસાઇટ પર જણાવવામાં આવેલ સુચનાઓ અનુસરીને તા. ૦૧/૦૬/૨૦૧૭ થી ભરવાની રહેશે.અનામત કક્ષાના ઉમેદવારો માટે નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છૂટ છાટ આપવામાં આવશે.

કાર્યપાલક નિયામક<br>
જી.એસ.ટી.ઇ.એસ.